MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 01, June 2023

# ભારતીય ડાયસ્પોરાની સમસ્યાઓ

*ગોવિંદ યુ. બારૈયા,*
*પીએચ.ડી. સંશોધક,*
*સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.*

**સાર:**

આજે વૈશ્વિકીકરણના ધસમસતા પ્રવાહોને પરિણામે સ્થળાંતરો એવાં ઝડપી બન્યાં છે કે તેમાંથી ‘ગ્લોબલ વિલેજ’ નો ખ્યાલ ઉપસ્યો છે. બીજી તરફ ગુજરાતીઓ ‘વેપારી કોમ’ તરીકે પંકાયા છે. તેને અનુરૂપ ‘લંકાની લાડી ને ઘોઘાનો વર’ તથા ‘જાવે જે કો નર ગયો, નાવે મંદિર માંહ્ય; જાય રળી જાવે થકી, તો પરિયા પરિયા ખાય’. જેવી મધ્યકાલીન કહેવતો આજે પણ જીવંત સ્વરૂપમાં ટકી રહી છે. વળી, આજે બ્રિટનમાં ગુજરાતીઓ સાત લાખ જેટલી મોટી સંખ્યા ધરાવે છે. ૨.૫૦ લાખ ગુજરાતીઓ તો બ્રિટનમાં જ જન્મ્યા છે. ૧૯૬૦ બાદ બ્રિટનમાં શરૂ  થયેલા સ્થળાંતરો બતાવે છે કે ગુજરાતીઓ, ગુજરાત અને યુનિયન ટેરિટરી-દીવ અને દમણ ઉપરાંત યમન (એડન), મ્યાનમાર (બ્રહ્મદેશ), ફિજી, ઝામ્બિયા, ઝિમ્બાબ્વે, સુદાન, દક્ષિણ આફ્રિકા, તેમજ મોઝામ્બિકમાંથી પણ અહીં નાનીમોટી સંખ્યામાં આવ્યા છે. મોટા ભાગના ગુજરાતીઓ ટાન્ઝાનિયા, કેન્યા અને યુગાન્ડા જેવાં પૂર્વ આફ્રિકાના દેશોમાંથી હિજરત કરીને ૧૯૬૮ બાદ મોટી સંખ્યામાં આવ્યા છે.

***શબ્દો:*** *ડાયસ્પોરા, એનઆરઆઈ અને સ્થળાંતર*

## પ્રસ્તાવના

કોઈ પણ દેશમાં થયેલાં સ્થળાંતરોને સમજવામાં તે દેશને ઘડનારાં ઐતિહાસિક અને સાંપ્રત પરિબળો તથા ભૌગોલિક પરિસ્થિતિ અંગેની સામાન્ય માહિતી મહત્વની છે. તે મુજબ બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરાની ગતિવિધિઓને સમજવામાં તેનો ઇતિહાસ અને ભૂગોળ મહત્વના છે. લગભગ ૬.૪૦ કરોડની વસ્તી ધરાવતા બ્રિટનમાં ભાતભાતના લોકો વસવાટ કરે છે. મૂળ અંગ્રેજો પ્રજા સહિત ગોરાઓની વસ્તી ૯૨.૩ ટકા છે. ભારતીય

(૧.૮%), પાકિસ્તાની (૧.૩%), બ્લેક કેરીબીયન (૧.૦%), બ્લેક આફ્રિકન (૦.૮%), બાંગ્લાદેશી (૦.૫%) અને ચાઇનીઝ (૦.૪%) ઉપરાંત અહીં યહુદીઓ અને આરબો પણ વસવાટ કરે છે. બ્રિટનમાં ભારતીય મૂળના લોકો ગોરાઓ પછી બીજા ક્રમમાં આવે છે.

## ભારતીય ડાયસ્પોરાની સમસ્યાઓ

મુખ્ય પ્રશ્ન છે ગુજરાતીઓની વસાહતનાં અનેકવિધ પાસાઓને સાંકળવાનો અને તેનું વર્ણન અને વિશ્લેષણ કરવાનો. બ્રિટનમાં વસવાટ કરતાં અને વિવિધ જ્ઞાતિઓ, કોમો અને વર્ગો ધરાવતા ગુજરાતીઓને કઈ રીતે સાંકળવા? જો સૈદ્ધાંતિક અને ખ્યાલાત્મક માળખા વગર સાંકળવા જઈએ તો તે નરી હકીકતો અને વિગતોનો ગૂચવાડિયો (Chaotic) મહાસાગર બની જાય તેમ છે. ડાયસ્પોરાને તર્કબદ્ધ (Orderly) રીતે વ્યવસ્થિત સ્વરૂપમાં રજૂ કરવાની જરૂર છે. તેથી જ અમે આ અભ્યાસ માટે નીચેના પ્રશ્નો પૂછ્યા છે.

૧. લગભગ ૧૯૬૦ પછી થયેલાં ગુજરાતીઓનાં સ્થળાંતર દરમિયાન રૂઢિચુસ્ત અને મજૂર સરકારોનું તેમ જ અંગ્રેજ પ્રજાનું આગંતુકો પ્રત્યે કેવું હતું?

કેટલાકને મનમાં થશે કે ‘ગુજરાતી કમ્યુનિટી’ શબ્દપ્રયોગ કેમ કર્યો? આ શબ્દપ્રયોગ કરવાનું કારણ એ છે કે ગુજરાતીઓ અનેક જ્ઞાતિઓ તથા કોમોમાં વિભાજિત હોવા છતાં તેમની માતૃભાષા તો ગુજરાતી જ છે. ગુજરાતી ભાષા વિવિધ મણકાઓને સાંકળનારી મજબૂત સાંકળ છે. ગુજરાતી ભાષાની સાથે સાથે આ પણ ગુજરાતીઓની મોટી ઓળખ છે. તેથી આ શબ્દપ્રયોગ કર્યો છે અને ટે બ્રિટનમાં ગુજરાતીઓના ડાયસ્પોરાનું એક ઉજ્જવળ પાસું છે.

૨. વિવિધ દેશોમાંથી બ્રિટનમાં સ્થળાંતર કરનારા ગુજરાતીઓ કેવા પ્રકારના મૂલ્યો, સંસ્કારો તેમ જ યાંત્રિક જ્ઞાન અને માહિતીઓ તેમની સાથે લઈ ગયા હતાં ?

બ્રિટન અંગેની માહિતી તેમજ પ્રોફેશનલ કૌશલ્યો વધારે સારા પ્રમાણમાં હતાં. વળી, તેઓ પ્રમાણમાં અંગ્રેજી ભાષા પર પણ સારો કાબૂ ધરાવતા હતાં. તેઓ પૂર્વ આફ્રિકા અને અન્ય દેશોમાં લાંબા સમયનો વસવાટ/વનવાસ કરીને આકરી કસોટીમાંથી પસાર થયા હતાં.

૩. બ્રિટનમાં ગુજરાતીની વિવિધ જ્ઞાતિઓ અને કોમો ક્યાં ક્યાં વસે છે અને તે શું કરે છે ?

આમાં વિવિધ જ્ઞાતિઓ અને કોમોના સમૂહોને બ્રિટનમાં તેમની કામગીરીને (Performance) આધારે, તેમની સિદ્ધિઓ અને મર્યાદાઓને આધારે મૂલવી છે.

બીજા મહત્વનાં મુદ્દાઓ જોઈએ તે, ડાયસ્પોરિક ગુજરાતીઓમાં કોળી, મોચી, દરજી, વણકર, મતિયા પટેલ અને કુંભારનો સમાવેશ થાય છે. ગુજરાતમાં તેમની પરિસ્થિતિ અસહ્ય હતી. બ્રિટનમાં તેમની સ્થિતિ ઘણી સુધરી છે. તેનું મુખ્ય કારના એ છે કે બ્રિટનનાં સિક્યુલર, રેશનલ અને પ્રગતિશીલ મૂલ્યો અને બ્રિટનનાં સમાજે ઊભી કરેલી અનેક આર્થિક અને પ્રયોજકીય તકોને લીધે જ તેમની આર્થિક અને સામાજિક ‘અપવર્ડ મોબિલિટી’ થઈ છે. સામાજિક પરિવર્તન અને આર્થિક વિકાસની દ્રષ્ટિએ ગુજરાતીઓનો બ્રિટનમાં થયેલાં ડાયસ્પોરા અગાઉના ફિજી, દક્ષિણ આફ્રિકા, ઝામ્બિયા તથા પૂર્વ આફ્રિકામાં થયેલાં સ્થળાંતરોની સરખામણીમાં ગુણાત્મક રીતે ભિન્ન અને આશીર્વાદ સમાન ગણાય.

બ્રિટન પૃથ્વી ઉપરનું સ્વર્ગ છે કે અહીં ગુજરાતીઓ અન એશિયાઈઓને કોઈ પ્રશ્નો જ નથી નડયા. હકીકતમાં તો ૧૯૬૮થી લગભગ ૧૯૮૧ સુધીનો ગુજરાતી ડાયસ્પોરાનો પ્રથમ તબક્કો અત્યંત વિકટ હતો. એલેક ડગલાસ હોમ (૧૯૬૩), એડવર્થ હિથ (૧૯૭૦-૭૩) કે માર્ગરેટ થેચરની (૧૯૭૯-૧૯૮૯) ટોરી સરકારો હોય કે હેરલ્ડ વિલ્સન (૧૯૬૪-૬૯) અને જ્હોન કેલહનની (૧૯૭૬-૭૮) મજૂર સરકારો હોય – કોઈ પણ સરકારની ઈચ્છા એશિયાઈઓને બ્રિટનમાં સમાવવાની નહોતી. તેમાં પણ વળી ઇનોક પોવેલ તથા ‘નેશનલ ફ્રન્ટ’ જેવાં રંગદ્વેષથી ખદબદતા કટ્ટરપંથીઓનું અંગ્રેજ પ્રજા તેમજ રાજકીય પક્ષો ઉપર જબરું દબાણ હતું અને આ સમય દરમિયાન

ગુજરાતીઓને ઘરબાર, નોકરી, શિક્ષણ અને બીજી અનેક રીતે વ્યક્તિગત તેમજ વધારે તો 'ઈન્સ્ટિટ્યુશનળ' સ્વરૂપમાં ભયંકર જાતિભેદ સહન કરવો પડ્યો હતો.

બ્રિટનમાં ગુજરાતી તરીકેની, બ્રિટિશ-ગુજરાતી તરીકેની ઓળખને પોષણ આપીને તેને ટકાવી રાખવાની જરૂરિયાત અંગેનો પ્રશ્ન. ગુજરાતીઓના બ્રિટનમાં આવ્યાને અડધી સદી વીતી ગઈ છે. હવે મૂળ વતન પ્રત્યેનો ઝુરાપો ક્યાં સુધી રાખવાનો ? બ્રિટનમાં જીવાતું જતું અને ઝડપથી પલટાતું રહેતું વાસ્તવિક જીવન શું વધારે મહત્વનું નથી? મુદ્દો એ છે કે બ્રિટનમાં વસવાટ કરતાં ગુજરાતીઓએ 'ગુજરાતી' તરીકે ઓળખ ચાલુ રાખવાની સાથે સાથે 'બ્રિટિશ ગુજરાતી' તરીકેની ઓળખ વધારવાની ખાસ જરૂર છે. બ્રિટનમાં જાહેર તેમજ રાજકીય જીવનમાં અત્યંત મોખરાનું સ્થાન ધરાવતા ગુજરાતી નેતાઓની અનેકવિધ પ્રવૃતિઓ પરથી એ સ્પષ્ટ થાય છે કે 'ગુજરાતીપણાની ભાવના' અને 'બ્રિટન પ્રત્યેની નિષ્ઠા અને દેશભક્તિ' વચ્ચે કોઈ જ વિરોધાભાસ નથી. ભીખુ પારેખ, આદમ પટેલ, કરણ બીલીમોરિયા, નવનીત ધોળકિયા, મેઘનાદ દેસાઇ, શૈલેષ વારાં તેના ઉદાહરણરૂપ છે.

કોવિડ-૧૯ રોગચાળાએ વિદેશમાં ભારતીયોના જીવન સાથે પાયમાલી કરી છે. કેટલાકે તેમના જોબ ગુમાવ્યા છે જ્યારે અન્ય તેમને ગુમાવવાના ડરમાં છે. નાણાકીય અસ્થિરતાને કારણે ભારતમાં પાછા ફરવા માગતા લોકોની સંખ્યા પહેલેથી જ નોંધપાત્ર છે. નિયમિત પ્રવાસો ભારતીયો આગળ-પાછળ વિક્ષેપિત થઈ રહ્યા છે અને તેઓ જાણતા નથી કે તેઓ તેમના વતન ક્યારે જઈ શકશે. મોટાભાગના NRIs વર્ક-લાઇફના દુષ્ટ વર્તુળમાં ફસાઈ જાય છે કે વ્યાવસાયિક પ્રાથમિકતાઓ કૌટુંબિક સંબંધોને આગળ ધપાવે છે જ્યારે ઓવર્સ ઇમિગ્રેશનના મુદ્દાઓમાં એટલા ઊંડે ફસાઈ જાય છે કે તેમનું જીવન બલિદાનોની શ્રેણી બની જાય છે. ઘણા સંઘર્ષો હોવા છતાં, વિદેશી સહસંબંધી ૨૫ મિલિયનથી વધુના ઉત્સાહી અને આત્મવિશ્વાસપૂર્ણ ડાયસ્પોરમાં વિકસ્યા છે. ભારતની સફળતામાં ડાયસ્પોરા દ્વારા ભજવવામાં આવેલ ભાગ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને ભારતની વિદેશ નીતિનો ભારતીય ડાયસ્પોરા સુધી મજબૂત પહોંચ છે.

**ઉપસંહાર:**

આમ, આવી બાબતમાં બ્રિટનના ડાયસ્પોરાનો, ૧૯૯૫ પછીનો, આધુનિક તબક્કો તો ઘણો ગૌરવશાળી છે. બ્રિટનમાં જ જન્મેલાં અને ઉછરેલા બાળકોએ આ દેશમાં ભણીગણીને અને ઉચ્ચ ડિગ્રીઓ હાંસલ કરીને વ્યાપાર – ઉદ્યોગ ઉપરાંત વ્યવસાયોમાં એવું તો કાઠું કાઢ્યું છે કે ભલભલા બ્રિટિશ ઉદ્યોગપતિઓ અને રાજકારણીઓ તે જોઈને છક્ક થઈ ગયા છે ! બ્રિટનની રાણીના જન્મદિવસ તથા નવા વર્ષનાં પર્વ નિમિત્તે રાજકારણ, વ્યવસાય અને જાહેર સેવા તથા સખાવતો અંગે જે રાષ્ટ્રીય કક્ષાનાં પારિતોષિકો એનાયત કરવામાં આવે છે તેમાં ૫૦ વર્ષ નીચેના ગુજરાતીઓનો સારો એવો હિસ્સો છે. બ્રિટનમાં સફળ 'નવ્ય ગુજરાતીઓ', તેઓ 'એન્થિક માયાનોરિટીઝ છે તેવી લાગણી ધરાવતા નથી કારણ કે તેમને હવે રંગભેદ નડતો નથી. તેઓ બીજી પેઢી કરતાં વધારે સક્ષમ છે. તેના પુરાવાઓ અનેક છે. બ્રિટનનો ગુજરાતી ડાયસ્પોરા સાચે જ બદલાયો છે. ગુજરાતીઓ આજે જે રીતે બ્રિટનના સર્વાંગી વિકાસમાં યશસ્વી પ્રદાન કરી રહ્યાં છે. તે જોતાં ભાવિ ઉજ્જવળ લાગે છે.

**Reference:**


- Allan, David (1981), A Son of Cricket, London.
- 'Britain's Response to the Ugandan Asian Crisis (1976-77): Government Myths versus Political and Resettlement Realities.' New Community, Vol.5.
- Cashmore, Ellis (1991), Flying Business class: Britains New Ethnic Elite.' New Community, Vol. 17, No.3.
- Dahya Badra (1988), 'South Asians as Economic Migration in Britain' Ethic and Racial Studies, Vol. XI, No.4.
- The Parekh Report (2000): The future of Multi Ethnic Britain (The Runnymede Trust, London, 2000)
- Sheth Pravin and Jagadish Dave (2007): Britain Gujarati In-Bitvinnesh Homlines, Gujarat Sahitya Akadami, Gandhinagar.
- મકરંદ મહેતા અને શિરીન મહેતા (૨૦૦૯), બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરા : ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો, વિશ્વ ગુજરાતી સમાજ, અમદાવાદ, પેજ નં. ૧.

Certificate No.:010106202312


MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (ON-LINE)

International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ગોવિંદ યુ. બારૈયા**

In recognition of the publication of the paper entitled

**ભારતીય ડાયસ્પોરાની સમસ્યાઓ**

Published in Volume 01, Issue 01, June 2023.

**EDITOR IN CHIEF**